# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત. (ISO 9001:2008 Certified)

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં./મા-૩/આચાર્ય/ખાલી જગ્યા/૨૦૨૩/ ૩૯૮ — તા.૧૧/૦૧/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ,

જિ.સુરત

**વિષય :** બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૫/૨૦૨૩ની સ્થિતિએ આચાર્યની ખાલી જગ્યાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :** કમીશ્નર શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૦૪૨-૭૫ તા.૧૧/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૫/૨૦૨૩ના રોજ વય નિવૃત્તિ ધ્યાને લઈ તા.૦૧/૦૬/૨૦૨૩ની સ્થિતિએ આચાર્યની ખાલી જગ્યાની માહિતી જાણકાર વ્યક્તિએ આ સાથે સામેલ નિયત નમૂનામાં હાર્ડ તથા સોફ્ટ કોપી તથા EXCEL SHEET (ENGLISH FONT – CALIBRI, FONT SIZE-12) અને શાળાના ફોરવર્ડીંગ લેટર સાથે નીચે જણાવેલ સમય, તારીખ અને સ્થળે ફરજિયાત હાજર રહેવાનું રહેશે.

- **કેમ્પનું સ્થળ :-** ટી.એન્ડ ટી.વી.સાર્વજનિક હાઈસ્કુલ, નાનપુરા, સુરત.
- **સમય :-** સવારે ૧૧.૦૦ કલાકે
- **તારીખ :-** ૧૩/૦૧/૨૦૨૩

**નોંધ :-**

1. આ સાથે સામેલ કમીશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રનો સંપૂર્ણ અભ્યાસ કરી દરખાસ્ત કરવાની રહેશે.
2. કેમ્પ પૂર્ણ થયા બાદ કોઈપણ શાળાની માહિતી સ્વીકારવામાં આવશે નહી જેની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે.
3. જે શાળામાં આચાર્યની ખાલી જગ્યા હોય તેમણે જ માહિતી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત

ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૦૪૨-૭૫

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જે.એમ.ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા.૧૧/૧/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય: રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૫/૨૦૨૩ની સ્થિતિએ આચાર્યની ખાલી જગ્યાની વિગતો મોકલી આપવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૧૯૦૬-ગ તા.૨૯/૧૧/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ તા.૧૭/૧૨/૨૦૧૫
(૩) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭૭/બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/જી તા.૨૫/૭/૨૦૧૭
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ તા.૦૯/૦૮/૨૦૧૭
(૫) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ તા.૨૯/૦૯/૨૦૧૭
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ તા.૨૫/૧૦/૨૦૧૭
(૭) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૪૫/બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/ગ તા.૨૧/૧૦/૨૦૨૦
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૦૬/૨૧૩૮/ગ.૧ તા.૨૭/૦૯/૨૦૨૨
(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૮૫૮/ગ તા.૧૦/૧૦/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામા અને તેમાં થયેલ વખતોવખતના સુધારાની જોગવાઈઓ અન્વયે હાથ ધરવામાં આવે છે.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૫/૨૦૨૩ના રોજ થનારી વયનિવૃત્તિને ધ્યાને લઈ તા.૦૧/૦૬/૨૦૨૩ ની સ્થિતિએ આચાર્યોની ખાલી જગ્યાઓની વિગત આ સાથે સામેલ નિયત નમૂનાના પત્રકમાં જ સોફ્ટ કોપી <u>(ENGLISH-CALIBRI FONT, SIZE-12)</u> તથા હાર્ડ કોપીમાં સુવાચ્ય રીતે ઈ-મેઈલ [redacted] પર <u>તા.૧૬/૦૧/૨૦૨૩ સુધી</u> મોકલી આપવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ:-

1. શાળા કક્ષાએથી સીધા રાજ્ય કક્ષાએ ઈ-મેઈલ ન થાય તે બાબત ધ્યાને લેવાની રહેશે.
2. આપના કચેરીમાં આચાર્ય ભરતી સબબની કામગીરી સંભાળતા અધિકારી (વર્ગ-૨) અને કર્મચારીના નામ અને મોબાઈલ નંબર અચૂક મોકલી આપવાના રહેશે.

આચાર્યની ખાલી જગ્યાઓની વિગતો રજુ કરવા અન્વયે ધ્યાને લેવાની સૂચનાઓ:-

- આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની શાળાઓમાં વર્ગ ઘટાડા/શાળા બંધ થવાના કારણે "રક્ષિત ફાજલ આચાર્યોને" સમાવવાની કાર્યવાહી કર્યા બાદ ખાલી રહેતી આચાર્યોની જગ્યાઓની વિગતો મોકલવાની રહેશે.
- જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી હોય તે શાળાઓની માહિતી નિયત નમૂનાના પત્રકમાં જ દર્શાવવાની રહેશે.
- શિક્ષણ વિભાગના તા.૨૭/૦૯/૨૦૨૨ના ઠરાવથી વર્ગ વધારા/ઘટાડા તથા ગ્રાન્ટકાપની માર્ગદર્શક સૂચનાઓ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ વિદ્યાર્થીસંખ્યા ધરાવતા વર્ગો માટે કોઈ જગ્યાની ભરતી કરવાની ન હોવાથી તેનો સમાવેશ કરવો નહીં.
- જે તે શાળામાં આચાર્યની ખાલી જગ્યા દર્શાવતા સમયે શિક્ષણ વિભાગના તા.૧૭/૧૨/૨૦૧૫ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાથી નિયત થયેલ શૈક્ષણિક મહેકમના રેશિયા સબબની જોગવાઈનું પાલન થાય તે ધ્યાને રાખવાનું રહેશે.
- **શિક્ષણ વિભાગના તા.૧૦/૧૦/૨૦૨૨ના ઠરાવથી એક એક વર્ગવાળી ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ વિદ્યાર્થી અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓમાં ૩+૧ નું સેટઅપ મંજૂર કરવાના નિર્ણય અન્વયે, સદર શાળામાં શિક્ષક જાળવી, આચાર્યની જગ્યા દર્શાવેલ હોય તો REMARKS ના કોલમમાં "૩+૧ ના સેટઅપ" મુજબ સ્પષ્ટ દર્શાવવું.**

નોંધ પર માન.નિયામકશ્રીના આદેશ અનુસાર

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ:- નિયત નમૂનાનું પત્રક

## બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર શાળાઓમાં આચાર્યની તા.૩૧/૦૫/૨૦૨૩ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગત

| SR. NO | SECONDARY / HIGHER SEONDARY | SCHOOL DISE CODE | SCHOOL NAME | VILLAGE NAME | BLOCK NAME | DISTRICT NAME | SCHOOL ADDRESS | SCHOOL AREA (RURAL, URBAN) | SCHOOL TYPE ( STD 9 & 10,STD 11 &12, STD 9 TO 12) | SCHOOL TYPE (CO-EDUCATIONAL, GIRLS,BOYS,SPECIAL SCHOOL) | STREAM (SCIENCE,GENERAL,UTTAR BUNIYADI) | MEDIUM | TOTAL NUMBER OF CLASS STD-9 | TOTAL NUMBER OF STUDENTS IN STD-9 | TOTAL NUMBER OF CLASS STD-10 | TOTAL NUMBER OF STUDENTS IN STD-10 | TOTAL NUMBER OF CLASS STD-11 | TOTAL NUMBER OF STUDENTS IN STD-11 | TOTAL NUMBER OF CLASS STD-12 | TOTAL NUMBER OF STUDENTS IN STD-12 | REASON FOR VACANT POST | FROM WHICH DATE THIS VACANT POST ARISED | SECONDARY | | | | HIGHER SECONDARY | | | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | | | | | | | | કુલ મંજુર મહેકમ (આચાર્ય સહિત) | ભરાયેલ જગ્યાઓ | શિક્ષકોની ખાલી જગ્યા | આચાર્યની ખાલી જગ્યા | કુલ મંજુર મહેકમ | ભરાયેલ જગ્યાઓ | શિક્ષકોની ખાલી જગ્યા | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

નોંધ : શિક્ષણ વિભાગના તા. ૧૦/૧૦/૨૦૨૨ના ઠરાવથી એક એક વર્ગવાળી ગ્રામ્ય વિસ્તારમાં - ૫૦ અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓમાં ૩+૧નું સેટઅપ મંજુર કરવાના નિર્ણય અન્વયે, સદર શાળામાં શિક્ષક જાળવી, આચાર્યની જગ્યા દર્શાવેલ હોય તો, Remarks ના કોલમમાં " 3+1 ના Set Up" મુજબ સ્પષ્ટ દર્શાવવું.

નોંધ : જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી હોય તે શાળાઓની માહિતી નિયત નમૂનાના પત્રકમાં દર્શાવવાની રહેશે.